નં.ડીએમ/ડીસીએચ/માછીમારી/૮૧૮૬૫/૨૦૨૩
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, જામનગર
તા.૨૦/૦૫/૨૦૨૩.

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ–૧૯૭૩ ની કલમ–૧૪૪ હેઠળ કાઢેલો હુકમ**

**–: જાહેરનામું :–**

જામનગર જિલ્લાના જુદાજુદા બંદરોએથી માછીમારો માછીમારી માટે દરિયામાં જાય છે. સમુદ્રમાં ગયા પછી વાવાઝોડા, વરસાદ કે હવામાન અંગેની અન્ય આગાહીઓ સંબંધે સમુદ્રમાં રહેલ આવા માછીમારોને ચેતવણી પહોંચાડવી શકય હોતી નથી. સામાન્ય રીતે જુન માસથી દર વર્ષે દરિયો તોફાની થઈ જાય છે. મત્સ્યોદ્યોગ ખાતા તથા પોર્ટ ઓફિસરશ્રીઓ દવારા માછીમારોને આવી સીઝનમાં સમુદ્રમાં માછીમારી માટે જવા પરવાનગી આપવામાં આવતી નથી. તેમ છતાં અનઅધિકૃત રીતે કોઈ માછીમાર માછીમારી માટે સમુદ્રમાં ચાલ્યા જાય અને વાવાઝોડા, વરસાદ કે ભારે પવનના કારણે સમુદ્ર તોફાની બને તેવા સંજોગોમાં આવા સમુદ્રમાં ચાલ્યા ગયેલ માછીમારોનું જાનનું જોખમ ઉભુ થાય તેવો પુરતો સંભવ રહેતો હોવાથી મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકશ્રી, જામનગરના તા.૧૭/૦૫/૨૦૨૩ પત્ર No.ADJM/0028/05/2023 થી જાહેરનામું બહાર પાડવા માટે દરખાસ્ત મળેલ છે. જે મને વ્યાજબી જણાય છે. આવા માછીમારોને સમુદ્રમાં ગેરકાયદેસર રીતે જતા અટકાવવા અનિવાર્યપણે જરૂરી બની રહે છે.

સબબ, હું ભાવેશ એન. ખેર, **જી.એ.એસ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ**, જામનગર જિલ્લો, જામનગર ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ–૧૯૭૩ ની કલમ–૧૪૪ હેઠળ મને મળેલ સતાની રૂઈએ ફરમાવું છું કે જામનગર જિલ્લાના સમગ્ર વિસ્તારના દરિયાકાંઠેથી કે ક્રિક એરીયામાંથી કોઈપણ માછીમારોએ કે અન્ય વ્યકિતઓએ **તા.૦૧/૦૬/૨૦૨૩ થી તા.૩૧/૦૭/૨૦૨૩ (બન્ને દિવસો સહિત) સુધી ના સમય દરમ્યાન માછીમારી માટે કે અન્ય હેતુસર સમુદ્રમાં કે ક્રીક એરિયામાં જવું નહીં અને કોઈપણ બોટની અવર જવર કરવી નહી.**

**–: અપવાદ :–**

આ જાહેરનામાંમાંથી નીચેનાને મુકિત આપવામાં આવે છે.

૧. પોર્ટ ઉપર આવતા વ્યાપારિક જહાજોને
૨. લશ્કરી દળો, અર્ધલશ્કરી દળો, પોલીસ દળો, ગુજરાત મેરીટાઈમ બોર્ડની બોટો
૩. સમક્ષ અધિકારી દવારા અવર જવર કરવા માટે અધિકૃત કરવામાં આવેલ પેસેન્જર બોટો
૪. નોન મોટરાઈઝ ક્રાફટ(લાકડાની બિન યાંત્રિક એક લકડી હોડી અને શઢવાળી હોડી) તથા પગડીયા માછીમારો

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ–૧૮૬૦ (૪૫ માં અધિનિયમ) ની કલમ–૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકશ્રી, જામનગર એ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ ભારતના ફોજદારી અધિનિયમ–૧૮૬૦(૪૫માં અધિનિયમ)ની કલમ–૧૮૮ અન્વયે ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાની વર્તમાનપત્રો અને સ્થાનિક કેબલ ટીવી મારફતે બહોળી પ્રસિધ્ધી કરવી.

આજ તા.૨૦ માહે : મે –૨૦૨૩ ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાવી હુકમ બહાર પાડયો.

Office of the District Magistrate
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, જામનગર (જિલ્લો)
સત્યમેવ જયતે
ગુજરાત રાજ્ય
Jamnagar District

(ભાવેશ એન. ખેર)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર

E:\DCH\D.M.DCH\NOTIFICATION\NOTI 144\Machhimari Pratibandh.doc

**નકલ સવિનય રવાના :–**

૧. પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી, જામનગર.

૨. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર.

૩. જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, (ફર્સ્ટ કલાસ) (તમામ)..........

**નકલ રવાના :–**

૧. પોલીસ અધિક્ષકશ્રી, જામનગર.

....દરિયાકાંઠાના તમામ પોલીસ સ્ટેશનોને વાકેફ કરવા સારૂ.

૨. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જામનગર.

૩. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર(શહેર)/(ગ્રામ્ય)/ધ્રોલ/લાલપુર

૪. મામલતદારશ્રી (તમામ) જામનગર(શહેર)/(ગ્રામ્ય)/ધ્રોલ/જોડીયા/કાલાવડ/લાલપુર/જામજોધપુર

૫. બંદર અધિકારીશ્રી, જામનગર

૬. મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકશ્રી, સુમેર કલબ રોડ, જામનગર .... બહોળી પ્રસિધ્ધી કરવા સારૂ.

૭. નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર (૩ નકલો સાથે)

....સ્થાનિક વર્તમાનપત્રોમાં સમાચારરૂપે બહોળી પ્રસિધ્ધી અપાવવા વિનંતી સહ

૮. મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ.

....ઉકત જાહેરનામાની બે નકલો આ સહ સામેલ છે જેને અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી ગેઝેટની ૫ નકલો અત્રેને મોકલી આપવા વિનંતી સહ.